# પરીક્ષા અંગેની સુચનાઓ

તા. 01/09/2024

આ સંસ્થામાં લેબોરેટરી આસી. ની લેખીત પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર તમામ ઉમેદવારોના કોલ લેટર (હાજરીપત્રક) અને તમામ પ્રકારની સુચનાઓ વાળો કાગળ આજે **RPAD** થી મોકલી આપવામાં આવેલ છે. જેમાં તમામ ઉમેદવારો નો બેઠક નંબર અને બ્લોક નંબર દર્શાવેલ છે.

તમામ ઉમેદવારોને ફરીથી જણાવવામાં આવે છે કે જો તમને પોસ્ટ મારફતે કોલ લેટર ના મળ્યો હોય તો અહી કોલ લેટર ની કોપી અપલોડ કરવામાં આવેલી છે જેની પ્રિન્ટ કાઢી ફોટો લગાવી પરીક્ષા સમયે સાથે રાખવું. ઉમેદવારને કોલ લેટરમાં નામ તથા અન્ય કોઈ બાબતમાં ક્ષતિ હોય તો **Mo.- 9427468824** ઉપર સંપર્ક કરવો તથા રોજબરોજની સૂચના માટે અમારી વેબસાઇટ https://lhsciencemansa.org રોજ જોતા રહેવાની વિનંતી.

આચાર્ય
શેઠ એલ.એચ.સાયન્સ કોલેજ,
માણસા, જી. ગાંધીનગર

# સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, માણસા
## સંચાલિત
# શેઠ એલ એચ સાયન્સ કોલેજ,માણસા

| ઉમેદવારના ફોટાની ઇમેજ |
|---|

પ્રતિ

બેઠક ક્રમાંકઃ-..

વિષયઃ- સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, માણસાની તા.૨૭/૦૬/૨૦૨૪ જાહેરાત અન્વયે. લેબોરેટરી આસીસ્ટન્ટ સંવર્ગની સીધી ભરતીની સ્પર્ધાત્મક લેખિત કસોટી બાબત.

સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, માણસા દ્વારા તા. ૨૭/૦૬/૨૦૨૪ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ લેબોરેટરી આસીસ્ટન્ટ સંવર્ગની સીધી ભરતી માટેની આપે કરેલ અરજી સંદર્ભે આપને આ સંવર્ગની ભરતી માટે લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં ઉપસ્થિત રહેવા માટે આ સાથેની શરતોને આધિન રહીને પ્રવેશ આપવામાં આવે છે. અને ઉપર દર્શાવેલ બેઠક ક્રમાંક અનુસાર નીચે દર્શાવેલ તારીખ, સમય અને સ્થળે આપને સ્વ-ખર્ચે હાજર રહેવા જણાવવામાં આવે છે.

| પરીક્ષા કેન્દ્રનું નામ અને સરનામું | બ્લોક નંબર | પરીક્ષાનો સમય | તારીખ | પરીક્ષા ખંડમાં ઉપસ્થિત થવાનો સમય |
|---|---|---|---|---|
| શેઠ એલ. એચ. સાયન્સ કોલેજ, લાઈબ્રેરી બિલ્ડીંગ, બસ સ્ટેશનની સામે, માણસા, જી.ગાંધીનગર -૩૮૨૮૪૫ | 3 | ૧૨:00 થી 3:00 | ૧૦/૦૯/૨૦૨૪ | ૧૧:00 |

1. આપે આ સાથેની ઉમેદવારો માટેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચીને તેનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.
2. નીચેના હાજરીપત્રકમાં આપે આપની વિગતો યોગ્ય રીતે ભરી નિયત જગ્યાએ આપનો ફોટો ચોટાડીઃ તે ઉપર સહી કરી પરીક્ષાખંડમાં નિરીક્ષકની ચકાસણી સારૂ રજૂ કરવાનું રહેશે. જેમાં નિરીક્ષકની સહી કરી પોતાની પાસે રાખી લેશે. જો આપ હાજરી પત્રક પરત કરવાનું ચૂકશો તો પરીક્ષા માટે ગેરલાયક ઠરવાપાત્ર બનશો.
3. આપે જે તે પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષા ખંડમાં ઉપસ્થિત થવાના નિર્ધારિત સમયે આપને ફાળવેલ પરીક્ષા ખંડમાં અચૂક હાજર થવાનું રહેશે.

---

**સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, માણસા**

હાજરી પત્રક

| અહી પાસપોર્ટ સાઈઝનો કલર ફોટો ગુંદરથી અહીં ચોટાડી તેની ઉપર સહી કરવી |
|---|

લેબોરેટરી આસીસ્ટન્ટ સંવર્ગની સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક લેખિત કસોટી

૧ બેઠક નંબર

3. પુરૂ નામઃ

૪. પરીક્ષા કેન્દ્રનું નામઃ શેઠ એલ. એચ. સાયન્સ કોલેજ, માણસા

૫. પત્ર વ્યવહારનું સરનામુંઃ ..........................................................................

..........................................................................

૬. નીચેની વિગતો ઉમેદવારે પરીક્ષા ખંડમાં ભરવી.

| પરીક્ષાની તારીખ અને સમય | બેઠક નંબર | ઉત્તરપત્ર ક્રમાંક (OMR SHEET No.) | ઉમેદવારની સહી | નિરીક્ષકની સહી |
|---|---|---|---|---|
| ૧૦/૦૯/૨૦૨૪<br>૧૨:00 થી 3:00 | | | | |

# :: ઉમેદવાર માટેની સૂચનાઓ ::

(આ તમામ સૂચનાઓ અવશ્ય વાંચી અમલ કરવા ઉમેદવારોને જણાવવામાં આવે છે.)

1. આ પરીક્ષામાં આપનો પ્રવેશ મંડળની જાહેર ખબર અને તેને સંબધીત સૂચનાઓને આધારે આપે ઓન-લાઈન ડાઉનલોડ કરેલ અરજીપત્રકમાં ભરેલી વિગતો આધિન રહીને આપવામાં આવે છે. જો આપે અરજીપત્રકમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, જેન્ડર, કે અન્ય કોઇપણ માહિતી ભવિષ્યમાં કોઇપણ તબક્કે ખોટી/ ક્ષતિયુકત હોવાનું મંડળને જણાશે તો આપની ઉમેદવારી પસંદગી /નિમણૂક, મંડળ દ્વારા નિયમોનુસાર "રીજેક્ટ" / "રદ" થવા પાત્ર ઠરશે.
2. જો આપ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની શૈક્ષણિક લાયકાત પરિપૂર્ણ કરતાં ન હોય તો આ સુચના અન્વયે આપને આ પરીક્ષામાં નહીં બેસવા માટે સલાહ આપવામાં આવે છે.
3. પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપે કોલ લેટર કમ-હાજરીપત્રક ઉપર પોતાનો ફોટો ચોંટાડી પરીક્ષાખંડમાં અચૂક સાથે લાવવાનો રહેશે. અન્યથા, આ પરીક્ષામાં આપને બેસવા દેવામાં આવશે નહી. અરજીમાં જેવો ફોટો અપલોડ કરેલો હોય તદ્દન તેવો જ ફોટો હાજરીપત્રકમાં ચોંટાડવો ફરજીયાત છે.
4. દ્રષ્ટિની ખામીવાળા અને હાથની વિકલાંગતાના કારણે હાથથી લખવા સક્ષમ ન હોય તેવા PH ઉમેદવારો કે જેઓને લહીયાની સુવિધા જરૂરી હોય તેવા ઉમેદવારોએ જે તે પરીક્ષા કેન્દ્રના સંચાલકશ્રીનો અગાઉથી જરૂરી આધાર પુરાવા (સીવીલ સર્જનના સર્ટિફિકેટ) સાથે રૂબરૂ સંપર્ક કરીને પરીક્ષા શરૂ થતાં પહેલાં લહીયો સાથે રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે. મંજુરી વગર લહિયાની સુવિધા આપી શકાશે નહીં.
5. પરીક્ષાખંડમાં આપે આપની ઓળખ માટે- ઇલેક્શન કાર્ડ, આધાર કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ કે પાનકાર્ડ ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. જે નિરીક્ષક માંગે ત્યારે બતાવવાનું રહેશે
6. આ પરીક્ષા MCQ - OMR (મલ્ટીપલ ચોઇસ ક્વેશ્ચન-ઓપ્ટીકલ માર્ક રીડર) પધ્ધતિની રહેશે. ઉમેદવારોએ તેમાં બેઠક ક્રમાંક તથા પ્રશ્નના જવાબ સામેના માં બ્લૂ / બ્લેક બોલપેનથી સંપૂર્ણ ઘુંટીને દર્શાવવાનો રહેશે. જવાબ સામે આપેલ વર્તુળ જો અધૂરું ઘૂંટવામાં આવશે તો તે જવાબ માન્ય ગણવામાં આવશે નહીં.
7. OMR પધ્ધતિથી ઉત્તરપત્રમાં જવાબો લખતા પહેલા તે અંગેની સૂચનાઓ અચૂકપણે વાંચવી, પછી જ જવાબો લખવા. OMR ઉત્તરપત્રમાં સ્વહસ્તે બેઠક ક્રમાંક, પ્રશ્નપુસ્તિકા નંબર આંકડામાં તથા પ્રશ્નપુસ્તિકા કોડ અંગ્રેજી અક્ષરમાં અને OMR પધ્ધતિમાં સૂચવ્યા મુજબ અચૂક દર્શાવાનો રહેશે. આ સિવાય અન્ય કોઇ લખાણ કે ઓળખ ચિહન કરવા નહિ. અન્યથા ક્ષતિયુક્ત OMR ઉત્તરપત્ર રદ થવાને પાત્ર થશે જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.
8. નિર્ધારીત પરીક્ષા સમય કરતા ૧-૦૦ કલાક અગાઉ આપે આપની બેઠક પર અચૂક હાજર થવાનું રહેશે.
9. પરીક્ષામાં મોબાઇલ સાથે લાવવા પર પ્રતિબંધ છે. તેમજ સાથે બિન-અધિકૃત પુસ્તકો કાગળો, સાહિત્ય તથા પેજર, કેલ્ક્યુલેટર વગેરે જેવા કોઈપણ વિજાણુ સાધનો રાખવા પર પૂર્ણ પ્રતિબંધ છે. તેમ છતાં જો આવી વસ્તુઓ આપની પાસેથી મળી આવશે તો આપ આપોઆપ ગેરલાયક ઠરશો તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે. આ સૂચનાનો ભંગ કરનાર ઉમેદવાર શિસ્તભંગના પગલાંને પાત્ર ઠરશે.
10. ઉમેદવારો પરીક્ષા શરૂ થયા પછી પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષાખંડ છોડી શકશે નહીં. કોઈ ખાસ સંજોગોમાં સ્થળ પર હાજર મંડળના પ્રતિનિધિની મંજુરી સિવાય આ ટુંકા સમયમાં ઉમેદવારને વર્ગખંડની બહાર જવા દેવામાં આવશે નહી.
11. OMR Sheet માં ઉમેદવારની સહી ફરજીયાત છે. ઉમેદવારે ઉત્તરપત્રમાં નિયત જગ્યાએ પોતાની સહી તેમજ ખંડ નિરીક્ષકની સહી કરેલ/કરાવેલ નહીં હોય તો તેવા ઉમેદવારનું ઉત્તરપત્ર (OMR Sheet) મંડળ-

(P.T.O)

–દ્વારા રદ કરવામાં આવશે. તેથી OMR Sheet ખંડ નિરીક્ષકને સુપ્રત કરતાં પહેલાં ઉકત વિગતો અવશ્ય ચકાસી લેવી.

12. OMR પધ્ધતિથી ઉત્તરપત્રોના મૂલ્યાંકન માટે આપના સાચા-ખોટા જવાબ, એક કરતાં વધુ વિકલ્પો દર્શાવેલ જવાબ, છેકછાક, અધૂરું ઘૂંટેલ વર્તુળ તથા છોડી દીધેલ જવાબોને ધ્યાનમાં લેવામાં આવશે.ખોટા, છેકછાકવાળા, અધૂરું ઘૂંટેલ વર્તુળ, એકથી વધુ વિકલ્પો દર્શાવેલ તથા છોડી દીધેલ જવાબના ગુણનું મૂલ્યાંકન પ્રશ્નપુસ્તિકામાં આપવામાં આવેલ સૂચનાઓ મુજબ (માઇનસ પધ્ધતિથી) કરવામાં આવશે. પ્રત્યેક ખોટા જવાબ, ખાલી છોડેલ જવાબ, છેકછાક, અધૂરું ઘૂંટેલ વર્તુળ, કે એક કરતાં વધુ વિકલ્પ માટે પ્રત્યેક જવાબ દીઠ ૦.૨૫ માઇનસ ગુણ કાપવામાં આવશે.

13. પ્રશ્નપત્રમાં લઘુત્તમ શૈક્ષણિક લાયકાતને લગતા પ્રશ્નો અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષામાં રહેશે અને સામાન્ય જ્ઞાનને લગતા પ્રશ્નો ગુજરાતીમાં રહેશે.

14. પ્રશ્નપત્રમાં કુલ-૨૧૦ પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્ન- ૧ ગુણનો રહેશે. દરેક પ્રશ્નના જવાબના આપવામાં આવેલ કુલ-૪ વિકલ્પો પૈકી આપે સાચો વિકલ્પ પસંદ કરીને તેના પર ઉપર વર્ણવ્યા મુજબ ઘૂંટીને દર્શાવવાનો રહેશે. જો આપ કોઇ પ્રશ્ન ના સાચા જવાબનો વિકલ્પ પસંદ કરી ન શકવાના કારણે તે પ્રશ્નનો જવાબ આપવા માંગતા ન હોય તો આપે પાંચમા વિકલ્પ (E) પર ઘૂંટીને દર્શાવવાનો રહેશે.ઉમેદવારે(E) વિકલ્પ દર્શાવેલ હશે તો માઇનસ ગુણ કપાશે નહિં અન્યથા આવા પ્રશ્નના ખાલી છોડેલ પશ્ન તરીકે ૦.૨૫ માઇનસ ગુણ કપાશે.

15. ઉમેદવારે પરીક્ષાની શરૂઆતમાં હાજરીપત્રકનું અડધિયુ તેમજ પરીક્ષા પૂર્ણ થયેથી ઉત્તરપત્ર (OMR Sheet), પરીક્ષા ખંડના નિરીક્ષકશ્રીને પરત સોપ્યા બાદ જ પરીક્ષાખંડ છોડવાનો રહેશે. તેમ ન કરનાર ઉમેદવારને પરીક્ષામાં ગેરલાયક ઠરાવવામાં આવશે અને તેવા ઉમેદવાર સામે કાયદેસરની કાર્યવાહી મંડળ ધ્વારા કરવામાં આવશે. પરીક્ષા પૂર્ણ થયેથી ઉમેદવાર પ્રવેશપત્રનો ઉપરનો અડધો ભાગ પોતાની પાસે રાખી શકશે.

16. આ પરીક્ષાના પ્રશ્નપત્રની પ્રોવિઝનલ આન્સર-કી પરીક્ષાની તારીખ બાદ વેબસાઇટ https://lhsciencemansa.org પર મુકવામાં આવશે. જે આપે જોઇ લેવાની રહેશે.

17. સમગ્ર ભરતી પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી વચગાળાના તબકકે ગુણ, પરિણામ કે રીચેકીંગની અરજી કે લેખિત પરીક્ષા સંબંધિત અન્ય કોઇપણ બાબતને ખાનગી પ્રકારની ગણવાની હોવાથી તેવી માહિતી મેળવવા માટેની કોઇ પણ અરજી/રજૂઆત વિચારણામાં લેવામાં આવશે નહીં.

18. કોલ લેટરમાંની આ સૂચનાઓ ઉપરાંત વેબસાઇટ https://lhsciencemansa.org પરની વખતો વખતની સૂચનાઓ પણ અચૂકપણે વાંચવી.

19. ઉમેદવારે રફ કામ પ્રશ્નપુસ્તિકામાં કરવાનું હોવાથી અલગ રફશીટ આપવામાં આવશે નહીં. તેમ જ ઉમેદવાર પોતે પણ રફકામ માટે અલગથી કાગળ લાવી શકશે નહીં.

20. ઉમેદવાર નકલ કરતા, ગેરરીતી / ગેરશિસ્ત આચરતા જણાશે તો, ઉમેદવારને આ પરીક્ષામાં ગેરલાયક ઠેરવવા ઉપરાંત, ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા ઉપરાંત ફોજદારી પગલાં સહીતની શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે.

21. ઉમેદવારે પરીક્ષા ખંડમાં તેમને આપવામાં આવતી સુચનાઓનો અચૂકપણે પાલન કરવાનું રહેશે.

22. પરીક્ષાના રીઝલ્ટમાં જો બે ઉમેદવારના ગુણ સરખા હશે તો પ્રથમ ઉમેદવારની પસંદગી કોલીફીકેશન/ગુણ જે વધુ હશે તેની કરવામાં આવશે.

==X==